# તરબૂચ નિખારે ત્વચા

બ્યુટી ક્વેરી - ખ્યાતિ દેસાઈ

**મારી હથેળી એકદમ રફ થઈ ગઈ છે, તો હથેળીની સ્કિનને સોફ્ટ કરવા માટે શું કરવું જોઈએ?- કશ્યપી પોપટ, પાટણવાવ**



ટામેટાં નેચરલ બ્લીચનું કામ કરે છે. હથેળીને સોફ્ટ બનાવવા માટે ટામેટાંનો રસ, ગ્લિસરિન અને લીંબુના રસને સરખે ભાગે મિક્સ કરો. આ મિશ્રણને હથેળીમાં લઈને હાથ ધોતા હોઈએ તે રીતે દસથી પંદર મિનિટ રગડો. આ રીતે કરવાથી સ્કિનના ડેડ સેલ નીકળી જશે અને હથેળી સોફ્ટ બની જશે.

**મારી સ્કિન ઉનાળામાં ડ્રાય થઈ જાય છે અને તેના લીધે કરચલી પણ પડવા લાગે છે, તો આ સમસ્યાથી છુટકારો મેળવવા શું કરી શકાય? - અનિતા સાવલિયા, ભાવનગર**

તરબૂચ સ્કિનને હાઇડ્રેટ કરે છે. ઉનાળામાં સ્કિન ડિહાઇડ્રેટ થઈ જતાં આવી સમસ્યા થાય છે. આ માટે તરબૂચનો જ્યૂસ પીવાથી તો રાહત મળે જ છે, પણ તરબૂચના રસને અને તેની સ્લાઇસને ફેસ પર લગાવવાથી અનેક ફાયદા થાય છે. તે નેચરલ એસ્ટ્રિજન્ટનું કામ કરે છે. તરબૂચના માવાને મધ સાથે મિક્સ કરીને લગાવવાથી તાપથી સ્કિન કાળી થઈ ગઈ હોય તો તે કાળાશ દૂર થાય છે. તરબૂચના માવાને સ્કિન પર લગાવવાથી કરચલી દૂર થાય છે.

**ચહેરા પર વધુ પ્રમાણમાં ખીલ થતા હોય તો ગમે તે સીઝનમાં લગાવી શકાય અને ખીલ મટાડી શકે તેવો કોઈ ફેસપેક ખરો? - માધવી ટીલાવત, સુરત**

દહીં, મધ, લીંબુનો રસ, ચંદન પાઉડરને મિક્સ કરીને ફેસપેક બનાવો. તે વીકમાં બે વખત ફેસ પર લગાવો અને વીસ મિનિટ બાદ આ મિશ્રણને ફેસ પર રગડીને ઠંડા પાણીથી ચહેરો ધોઈ લો. આવું કરવાથી ખીલની સમસ્યાથી હંમેશ માટે છુટકારો મેળવી શકાય છે.

**ખીલ તો મટી ગયા છે, પણ ખીલના અમુક ડાઘ જતા નથી તો કોઈ ઉપાય બતાવશો. – વૈશાલી જાની, અમદાવાદ**

ખીલના ડાઘને દૂર કરવાનો એક સરળ ઉપાય છે. હિંગ અને પાણીને મિક્સ કરીને પેસ્ટ બનાવી લો. આ પેસ્ટ ખીલના ડાઘ પર લગાવવાથી ડાઘ દૂર થાય છે. આ પ્રક્રિયાને દિવસમાં બે વખત કરવાથી ખીલના ડાઘ જતા રહે છે અને સ્કિન ક્લીન થઈ જાય છે.